અપીલ અરજી નં.૨૧૬ તા.૧૩–૧૦–૦૯/૧૦

અરજદારઃ– શ્રી રમેશ સી. ઓઝા

સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ સી. ઓઝા તા..ર–૯–૦૯ની અરજીથી મોજે ટુંકી ટીપી સ્કીમ નં.ર૪ ફા.પ્લોટ નં.૮૩ (પ્રીલીમીનરી સ્કીમ મુજબ) માંગેલ માહિતી બાબતે તથા એન.ઝેડ/એઆરડી/ ૫૪૫ તા.ર૯–૯–૦૯,એન.ઝેડ/અનપ/ર૮૬૦ તા.૪–૮–૦૯ અને એન.ઝેડ/એઆરડી/૪ર૧ તા.ર૦–૮–૦૯ બાબતે કરેલ પ્રથમ અપીલ બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજુકરની તા.૧૩–૧૦–૦૯ ની અપીલ અરજી નં.ર૧૬/ર૦૦૯–૧૦

શ્રી રમેશ સી. ઓઝાની તા. ર–૯–૦૯ ની અરજીથી મોજે ટુંકી ટીપી સ્કીમ નં.ર૪ ફા.પ્લોટ નં.૮૩ (પ્રીલીમીનરી સ્કીમ મુજબ) માંગેલ માહિતી બાબતે એન.ઝેડ/એઆરડી/ ૫૪૫ તા.ર૯–૯–૦૯,એન.ઝેડ/અનપ/ર૮૬૦ તા.૪–૮–૦૯ અને એન.ઝેડ/એઆરડી/૪ર૧ તા.ર૦–૮–૦૯ બાબતે મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩–૧૦–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને તા.ર–૯–૦૯ ની મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૯૪ તા.રર–૧૦–૦૯ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તથા અરજદારને અપીલ અરજી કઈ કઈ તારીખની કરેલી માહિતી માંગતી મુળ અરજી સામે છે તથા તે અંગે મળેલ પ્રત્યુત્તર અને તેમાં કઈ બાબતે નારાજગી છે તે નારાજગીના કારણો અંગેના આધાર અને વાજબીપણું રજૂ કરવા તથા મુળ અરજી સામે મળેલ પ્રત્યુત્તર અને અરજી ફી ની વિગતો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી તા.૫–૧૧–૦૯ ના પત્ર સાથે તા.૩૦–૭–૦૯ ની અરજીની નકલ, તા.ર૩–૭–૦૯ ની અરજીની નકલ, તા.ર–૯–૦૯ ની અરજીની નકલ, એન.ઝેડ/એઆરડી/૪ર૧ તા.ર૦–૮–૦૯ ના પત્રની નકલ, નોર્થઝોન/આ.નં.ર૮૬૦ તા.૪–૮–૦૯ ના પત્રની નકલ, નોર્થઝોન/આ.નં.૩૩ર૩ તા.ર૬–૮– ૦૯ ના પત્રની નકલ તથા તે પત્ર અંગે રૂા.૫૬/– દસ્તાવેજ ફી ભરપાઈ કરેલ પહોંચની નકલ, નોર્થઝોન/આ.નં.ર૭૩૬ તા.૩૧–૭–૦૯ ના પત્રની નકલ, તા.ર૯–૭–૦૯ ની ૬ ઈસમોને ગેરકાયદેસર બાંધકામ દુર કરવા બાબતે પાઠવેલ નોટીસની નકલ, એન.ઝેડ/આ.નં.૧૭ર૫ તા.૧૯–૬–૦૯ ની કલમ–ર૬૦ (૧) (અ) મુજબની નોટીસની નકલ તથા નોર્થઝોન/આ.નં.૧૭ર૪ તા.૧૯–૬–૦૫ ની મનાઈ હુકમની નકલ, નોર્થઝોન/આ.નં.૧૭૧૬ તા.૧૯–૬–૦૫ ની મનાઈ હુકમની નકલ, નોર્થઝોન/આ.નં.૧૭૧૭ તા.૧૯–૬–૦૯ ની ર૬૦(૧)(અ) મુજબની નોટીસની નકલ, નોર્થઝોન/આ.નં.૧૭ર૩ તા.૧૯–૬–૦૯ ની મનાઈ હુકમની નકલ, નોર્થઝોન/આ.નં.૧૭રર તા.૧૯–૬–૦૯ ર૬૦(૧) (અ) મુજબની નોટીસની નકલ, એન.ઝેડ/આ.નં.૧૭ર૧ તા.૧૯–૬–૦૯ ર૬૦(૧)(અ) મુજબની નોટીસ, નોર્થઝોન/આ.નં.૧૭ર૦ તા.૧૯–૬–૦૯ ની મનાઈ હુકમની નકલ, એન.ઝેડ/આ.નં.૧૭૧૯ તા.૧૯–૬–૦૯ ની ર૬૦(૧)(અ) મુજબની નોટીસ, એન.ઝેડ/૧૭૧૫ તા.૧૯–૬–૦૯ કલમ–ર૬૦(૧)(અ) મુજબની નોટીસ, નોર્થઝોન/આ.નં.૧૭૧૪ તા.૧૯–૬–૦૯ ની મનાઈ હુકમની નકલ, એન.ઝેડ/આ.નં.૧૭૫૩ તા.ર૦–૬–૦૯ ની ર૬૦(૧)(અ) મુજબની નોટીસ, નોર્થઝોન/આ.નં.ર૦૫૪ તા.૩–૭–૦૯ ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની નોટીસ, નોર્થઝોન/આ.નં.૧૭૧૮ તા.૧૯–૬–૦૯ મનાઈ હુકમની નોટીસ, નોર્થઝોન/આ.નં.ર૮૬૦ તા.૪–૮–૦૯ થી બાંધકામ દુર કર્યા અંગે ખર્ચ વસુલ કર્યાની માહિતી નોર્થઝોન/આ.નં.૩૬૩૩ તા.૭–૯–૦૯ થી રૂા.૬૮/– ભરપાઈ કરી માહિતી મેળવવા પાઠવેલ પત્રની નકલ અરજદારે રજૂ કરેલ છે જયારે અરજદારે તે માહિતી મેળવેલ છે કે કેમ? તેની માહિતી તથા કઈ અરજીની કઈ માહિતી સામે નારાજગી છે તે વિગતો જણાવેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી તેમના પત્ર નં. એન.ઝેડ/એઆરડી/૬૦૯ તા.૩–૧૦–૦૯ થી નોંધ વિભાગ, અરજદારની તા.ર૩–૭–૦૯ ની મુળ અરજીની નકલ તથા તે અંગે અરજદારને પાઠવેલ પ્રત્યુત્તર બાબતે નં.એન.ઝેડ/એઆરડી/૪ર૧ તા.ર૦–૮–૦૯ ના પત્રની નકલ તથા તે ડીસ્પેચ કર્યા અંગેની એકનોલ ેજમેન્ટની નકલ તથા અરજદારની તા.ર–૯–૦૯ ની મુળ અરજીની નકલ, તથા તે અંગે પાઠેલ પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૫૪૫ તા.ર૯–૯–૦૯ ના પત્રની નકલ, તથા અરજદારે રજૂ કેરલ ફોર્મ 'એફ' અને પ્રીલીમીનરી નકશાની નકલ રજૂ કરેલ છે.

અરજદારે તા.૧૩–૧૦–૦૯ ની અપીલ અરજીથી જાહેર માહિતી અધિકારીના તા.૪–૮–૦૯ ના પત્રનો સંદર્ભ આપેલ છે. જાહેર માહિતી અધિકારીનો તા.૪–૮–૦૯ ના પત્રથી અરજદારની તા.ર૩–૭–૦૯ ની આરટીઆઈ એકટની અરજી પ્રશ્ન હેઠળની બાબતે ડીમોલીશન ચાર્જ રૂા.૧૦૫૦૦/– વસુલ લેવામાં આવેલ હોવાની માહિતી આપવામાં આવેલ છે. અરજદારે આ બાબતે અપીલ તબકકે પુરક વિગતો માંગેલ જણાય છે. પરંતુ તા.ર૩–૭–૦૯ ની અરજી અન્વયે અલાયદી અપીલ અરજી કર્યાનું જણાતું નથી.

અરજદારે સદર અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારીએ તા.ર૦–૮–૦૯ ના પત્રનો ઉલલેખ કરેલ છે. જેમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારની તા.ર૩–૭–૦૯ ની અરજીના અનુસંધાને ટીપી સ્કીમ નં.ર૪ બ્લોક નં.૭ર પૈકી કયા વિસ્તાર અંગેની માહિતીની જરૂર છે. તેનું ચોકકસ વર્ણન ટેનામેન્ટ નંબર સહિત રજૂ કરી માહિતી આપવા તૈયારી દર્શાવેલી પરંતુ અરજદારે રજૂ કરેલ પૂરક વિગતો જોતાં તેમણ આવી કોઈ વિગતો રજૂ કરેલ જણાતી નથી. અત્રે એ પણ પ્રસ્તુત છે કે તા.ર૩–૭–૦૯ ની અરજીમા અરજદારે તેમની આપેલ ઓળખ અનુસાર એડવોકેટ હાઈકોર્ટે જણાવેલ છે. જેમાં અસીલની માલીકીની જમીન હોવાનું જણાવેલ છે. પરંતુ અસીલની માલિકીની જમીન બાબતેના કે ટેનામેન્ટ નંબર દર્શાવતી કોઈ વિગતો કે આધાર પુરાવા રજૂ કરેલ નથી. અરજદારે તા.૧૩–૧૦–૦૯ ની અપીલમાં જાહેર માહિતી અધિકારીના ત્રીજા પત્ર તા.ર૯–૯–૦૯ નો સંદર્ભ આપેલ છે. જાહેર માહિતી અધિકારીના સદર પત્રની વિગતો ધ્યાનમાં લેવામાં આવે તો તેમણે આપેલી માહિતી અનુસાર ટીપી ર૪ બ્લોક નં.૭ર ફા.પ્લોટ નં૮૩ માં અત્રેના આકારણી વેરા વસુલાત વિભાગના રેકર્ડ તપાસતાં કોઈ નોંધ થયેલ હોવાનું માલુમ પડતું નથી. તેથી અરજદાર સંદર્ભ–૧ અને સંદર્ભ–૩ ની અરજીઓ દફતરે કરવાની માહિતી આપવામાં આવેલ છે.

અરજદારે તા.૧૩–૧૦–૦૯ ની અપીલ અરજીમાં મુદ્દા નં.૧ માં તા.૭–૯–૦૯ ની મુળ અરજીનો હવાલો આપી ડીમોલીશન કરવામાં આવેલ માહિતી, ફોટા, ક્ષેત્રફળ વિગેરે મળેલ નહી હોવાની મુદ્દા નં.૧ અને રમાં રજૂઆત કરેલ છે. તથા મુદ્દા નં.૩ માં ડીમોલીશન વહીવટી ચાર્જની પહોંચની માહિતી નહીં મળ્યાની રજૂઆત કેરલ છે. તેમજ મુદ્દા નં.૪ ધ્વારા આ બાંધકામ સબંધમાં આપવામાં આવેલ નોટીસોની નકલની માહિતી માંગેલ છે. જયારે મુદ્દા નં.૫ અને ૬ થી ડીમોલીશન કરવામાં આવેલ મનપા જવાબદાર અધિકારી/કર્મચારીની માહિતી તથા મુદ્દા નં.૬ માં બાંધકામો સ્થળ ઉપર રહયા છે તેઓ ધ્વારા થયેલ રજૂઆત અંગે થયેલ નિર્ણયની માહિતી માંગેલ છે.

અરજદારે અપીલ અરજીમાં કરેલ રજૂઆતને તેમની મુળ અરજી તા.ર–૯–૦૯ ના જેને તેઓ તા.૭–૯–૦૯ ગણાવે છે તેવું જણાય છે તે ધ્યાને લેતાં અરજદારની સપ્ટેમ્બર ર૦૦૯ ની મુળ અરજીના મુદ્દાઓ ધ્યાનમાં લેવામાં આવે તો મુદ્દા નં.૧ થી નોટીસોની સ્પષ્ટ અને વાંચી

શકાય તેવી નકલની માંગણી કરેલ તથા જે બાંધકામો તોડવામાં આવેલ નથી. તેની નોટીસ માંગણી કરેલ છે. મુદ્દા નં.૨ થી પ્લોટ નં.૮૩ જે ગેરકાયદેસર લખાણને આધારે વેરાબીલ દાખલ કરેલ છે. તેના તમામ પુરાવાની માહિતી માંગેલ છે. પરંતુ આ બાબતે જાહેર માહિતી અધિકારીનો તા.૨૦–૮–૦૯ તથા તા.૨૯–૯–૦૯ ના પત્રની વિગત ધ્યાનમાં લેવામાં આવે તો અરજદારે ટેનામેન્ટ નંબર સહિતની સ્પષ્ટ વિગતો જણાવેલ નથી. તથા જાહેર માહિતી અધિકારીએ એવી નોંધ થયેલ નહીં હોવાનું જણાવેલ છે. અરજદારની સદર અરજીના મુદ્દા નં.૩ તેમની વિવિધ ફરીયાદો અંગે શું પગલા લીધા તેની માહિતી માંગેલ. તે તથા મુદ્દા નં.૪ થી અરજદાર તા.૨૦–૭–૦૯ ની અરજીથી વીજીલન્સ ઓફિસરને કરેલ અરજી અંગે શું કાર્યવાહી થઈ તેની કોઈ વિગતો જાહેર માહિતી અધિકારી તરફથી આપેલ જણાતી નથી. તેમજ વીજીલન્સ વિભાગને અરજી તબદીલ કર્યાની કોઈ વિગતો જાહેર માહિતી અધિકારીએ રજૂ કરેલ નથી. તેવી જ રીતે મુદ્દા નં.૫ થી ટોરેન્ટો પાવરને લાઈન કનેકશન માટે કોઈ એન.ઓ.સી આપેલ છે કે કેમ? તેની માહિતી આપ્યાની કોઈ વિગત જાહેર માહિતી અધિકારી ધ્વારા આપેલ જણાતી નથી. અરજદારે આ અરજીના મુદ્દા નં.૬ થી ગેરકાયદેસર નામો દાખલ કરવામાં આવેલ હોય તો તે કમી કરવાની કાર્યવાહીની રજૂઆત કેલ છે. આમ તેમાં કોઈ માહિતી માંગવામાં આવેલ નથી.

આમ અરજદારની સપ્ટે.૨૦૦૯ ની મુળ અરજીના મુદ્દાઓ સાથે તેમના તા.૧૩–૧૦–૦૯ ની અરજીના મુદ્દા નં.૧,૨,૩,૫, તથા ૬ પરસ્પર સુસંગત નથી. અરજદાર તા.૨/૭–૯–૦૯ ની મુદ્દા નં.૧ થી ૬ પૈકી મુદ્દા નં.૩ થી ૫ માટે અપીલનું કારણ ઉત્પન્ન થાય. મુદ્દા નં.૧ તથા ૨ અંગે જાહેર માહિતી અધિકારીએ માહિતી આપેલ છે. પરંતુ તે અંગે અરજદારની અવાંચ્ય અને અસ્પષ્ટ હોવાની રજૂઆત કરેલ છે. જયારે અરજદાર અરજીના મુદ્દા નં.૬ ને મુદ્દા નં.૨ સાથે વાંચનમાં લેતાં અરજદાર સ્વયં આ માહિતી અંગે સ્પષ્ટ નહી હોવાનું જણાય છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

ફરીયાદની સમગ્ર હકીકત ધ્યાને લેતાં અરજદારની તા.૨/૭–૯–૦૯ ની અરજીના મુદ્દા નં.૧ અંગે તેમને વાંચી શકાય તેવી નકલો પૂરી પાડવા તથા મુદ્દા નં.૩ થી ૫ અંગે નહીં પૂરી પાડેલ માહિતી દિન–૧૦ માં અત્રેની જાણ હેઠળ આરટીઆઈ એકટની કલમ–૭(૩) તથા નિયમ–૫ ની જોગવાઈ અનુસાર અરજદારને પૂરી પાડવા ડે.કમિશનર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે.

અરજદાર સદર અરજીમાં જણાવ્યા અનુસાર રૂા.૩૦૦/– નો પે ઓર્ડર તેમણે આ અંગે સામેલ કર્યા અંગેનું જણાવેલ છે. એને અનુલક્ષી હુકમની અમલવારી કરાવવા જણાવવામાં આવે છે.

અરજદારની મુળ અરજીના મુદ્દા નં.૨ નામો દાખલ કરવા બાબતે અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો આગોતરો દિન–૭ માં સમય મેળવી લાગત દફતરની તપાસણી કરવા સ્વતંત્ર છે. જે અંગે તેમણે આરટીઆઈ કાયદાના નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં નિયત તપાસણી ફી ભરપાઈ કરવાની રહેશે.

મુળ અરજીમાં સમાવિષ્ટ નહીં તેવા અરજદારની અપીલ અરજીના બાકીના મુદ્દાઓની માહિતી અંગે અરજદાર ઈચ્છુક હોય તો કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧ – ૦૯

ડે.કમિશનર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ
(૧) ડે.કમિશનર(પઅનેઈ) જાહેર માહિતી અધિકારી. કતારગામઝોન... જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ સી. ઓઝા,